જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમમાં આવેલ મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂા.

અંકે રૂપિયા   પુરાનો.....

લખાવી લેનાર	.
એકતરફવાળા	ઉંમર આશરે વર્ષ-...., જાતે ...., રહેવાસી- . (P.A.No. (Aadhaar No. જેમને આ વેચાણ દસ્તાવેજમાં તમો અગર લખાવી લેનાર અગર એકતરફવાલા એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમા તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.
લખી આપનાર	**અરિહંત રીઅલ્ટી, એ નામની ભાગીદારી પેઢી.**
બીજીતરફવાળા	(P.A.No. ABIFA 0400 H) તેની વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદારો- ૧.. **સેવંતીલાલ ચુનીલાલ પરીખ,** ઉંમર આશરે વર્ષ-૬૭, ધંધો વેપાર, જાતે હિન્દુ, રહેવાસી-૬૮, યશકમલ સોસાયટી, જીવરાજ મહેતા હોસ્પિટલ

પાસે, વાસણા, અમદાવાદ.

(Aadhaar No. 7796 9621 2694)

૨.. **અર્પણ યશવંતકુમાર શાહ,** ઉંમર આશરે વર્ષ-૩૮, ધંધો વેપાર, જાતે હિન્દુ, રહેવાસી-૩૪/એ, તીર્થભૂમિ એપાર્ટમેન્ટ, સ્વાતિ હોટેલ પાસે, પંચવટી રોડ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

(Aadhaar No. 6498 4761 1180)

જેમને આ વેચાણ દસ્તાવેજમાં અમો અગર લખી આપનાર અગર બીજીતરફવાલા એ રીતે સંબોધવામા આવ્યા છે જે શબ્દના અર્થમાં અરિહંત રીઅલ્ટી, એ નામની ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારોનો તથા તેઓના એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

૧.. જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમના ટી.પી. સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની મીલકત આવેલ છે જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૧ મા આપેલ છે અને સદર મીલકત પાલડી, વિકાસગૃહ રોડ, ફતેહનગર સોસાયટીમાં આવેલ છે.

૨.. સદર વેચાણ આપેલ મીલકતનો એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ થાય છે અને સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વિસ્તારની યાદીમાં સદર વેચાણ આપેલ મીલકતનો સમાવેશ થતો નથી.

૩.. મોજે પાલડીના ટી.પી. સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪, ચોરસવાર-૧૮૯૨ વાળી મીલકત સને-૧૯૮૩ પહેલાથી હરમાનભાઈ શંકરભાઈની સ્વપાર્જીત સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી હતી અને મજકુર હરમાનભાઈ શંકરભાઈ વૃદ્ધ થવાથી સદર મીલકત અંગે તેમના દીકરા-જગદીશભાઈ હરમાનભાઈનુ નામ સગવડતા ખાતર દાખલ કરાવેલ જે અંગેની એન્ટ્રી સરકારી રેકર્ડમાં ગામ નમુના નંબર-૬ માં તારીખ-૩/૧/૧૯૮૩ ના રોજ એન્ટ્રી નંબર-૮૫૭૦ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ.

૪.. સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪, ચોરસવાર-૧૮૯૨ ની જમીનમાં કુલ ત્રણ સબપ્લોટસ અનુક્રમે પ્લોટ નંબર-'એ', ચોરસવાર-૫૦૩-૬૦ તથા પ્લોટ નંબર-'બી', ચોરસવાર-૬૪૯-૬૦ અને પ્લોટ નંબર-'સી', ચોરસવાર-૭૩૮-૮૦ પાડવામાં આવેલ જે અંગેનો લે-આઉટ પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશને તારીખ-૧૧/૬/૧૯૮૨ ના રોજ નંબર-બીએનએસ/નં.૧૯૪/૩૩ થી મંજુર કરેલ જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તારીખ-૧૯/૨/૧૯૮૩ ના રોજ એન્ટ્રી નંબર-૮૫૯૨ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તા-૧૯/૫/૧૯૮૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ આમ સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી

પ્લોટ નંબર-'બી', ચોરસવાર-૬૪૯-૬૦ અને પ્લોટ નંબર-'સી', ચોરસવાર-૭૩૮-૮૦ વાળી મીલકત હરમાનભાઈ શંકરભાઈ અને જગદીશભાઈ હરમાનભાઈ એમ બંનેના સંયુક્ત નામે ચાલી આવેલ.

૫.. મજકુર હરમાનભાઈ શંકરભાઈ તારીખ-૪/૪/૧૯૮૭ ના રોજ ગુજરી ગયેલા આથી સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી પ્લોટ નંબર-બી + સી, વાળી મીલકત અંગે સરકારી રેકર્ડમાંથી તેઓનુ નામ કમી કરવામાં આવેલ અને તેઓના વારસદાર તરીકે જગદીશભાઈ હરમાનભાઈ પટેલ, ભાનુમતીબેન ચંપકલાલ પટેલ, શારદાબેન હરીપ્રસાદ પટેલ, સુશીલાબેન હરીપ્રસાદ પટેલ અને ઉષાબેન અરવિંદભાઈ પટેલ એમ સર્વેના નામો દાખલ કરવામાં આવેલ જે અંગેની એન્ટ્રી સરકારી રેકર્ડમાં ગામ નમુના નંબર-૬ માં તારીખ-૨૬/૫/૧૯૮૭ ના રોજ એન્ટ્રી નંબર-૯૪૧૯ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તારીખ-૨૬/૬/૧૯૮૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ પરંતુ મજકુર હરમાનભાઈ શંકરભાઈએ પોતાની હયાતીમાં પોતાની મીલકતો અંગે સંપૂર્ણ સભાન અવસ્થામાં સમજી વિચારીને તારીખ-૧૫/૪/૧૯૮૬ ના રોજ એક અનરજીસ્ટર્ડ વિલ યાને વસીયતનામું કરેલ અને જે વસીયતનામામાં જી.એસ. વ્યાસ-નોટરી રૂબરૂ સહી સીક્કા કરવામાં આવેલ અને સદર વિલ કોઈએ ચેલેન્જ કરેલ નહિં અને તારીખ-૧૫/૪/૧૯૮૬ ના રોજનુ વિલ યાને વસીયતનામું તે હરમાનભાઈ શંકરભાઈનું છેલ્લુ વિલ યાને વસીયતનામું હતુ અને મજકુર વિલમાં સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી પ્લોટ નંબર-બી + સી, વાળી મીલકતના તેઓની હયાતીબાદ સહમાલીક રંજનબેન જગદીશભાઈ પટેલ, જીતલ

જગદીશભાઈ પટેલ અને જગદીશભાઈ હરમાનભાઈ પટેલ એમ ત્રણેયને ઠરાવેલા આથી સદર મીલકત અંગે સરકારી રેકર્ડમાંથી ભાનુમતીબેન ચંપકલાલ પટેલ, શારદાબેન હરીપ્રસાદ પટેલ, સુશીલાબેન હરીપ્રસાદ પટેલ અને ઉષાબેન અરવિંદભાઈ પટેલ એમ સર્વેના નામો કમી કરવામાં આવેલ અને મજકુર જગદીશભાઈ હરમાનભાઈ પટેલની જોઈન્ટમાં રંજનબેન જગદીશભાઈ પટેલ અને જીતલ જગદીશભાઈ પટેલ એમ બંનેના નામ દાખલ કરવામાં આવેલ અને હરમાનભાઈની દીકરીઓ (૧) ભાનુમતીબેન ચંપકલાલ પટેલ, (૨) શારદાબેન હરિપ્રસાદ પટેલ, (૩) સુશીલાબેન હરિપ્રસાદ પટેલ, (૪) ઉષાબેન અરવિંદભાઈ પટેલ એમ ચારેયના નામ કમી કરેલ જે અંગેની એન્ટ્રી સરકારી રેકર્ડમાં ગામ નમુના નંબર-૬ માં તારીખ-૨૬/૫/૧૯૮૭ ના રોજ એન્ટ્રી નંબર-૯૪૨૦ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તારીખ-૨૬/૬/૧૯૮૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ અને ગુજરનાર હરમાનભાઈ શંકરભાઈએ કરેલ વિલને કે તેઓના વિલની રૂઈએના સદર મીલકતના રંજનબેન જગદીશભાઈ પટેલ, જીતલ જગદીશભાઈ પટેલ અને જગદીશભાઈ હરમાનભાઈ પટેલ એમ ત્રણેયના સ્વતંત્ર માલીકી હક્કને કદી કોઈએ ચેલેન્જ કરેલ નહિં.

૬.. સદર ફાઈનલ પ્લોટ નં-૩૩૪ ના ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ વાળી મીલકત અંગે તારીખ-૨૬/૫/૧૯૮૭ ના રોજની નોંધ નંબર-૯૪૨૦ મુજબ રંજનબેન જગદીશભાઈ અને જીતલ જગદીશભાઈ એમ બંનેના નામ દાખલ કરવા સુધારા હુકમ કરવામાં આવેલ, જે સુધારા હુકમ સીટી મામલતદાર, સાબરમતી, અમદાવાદના હુકમ નંબર-સાબરમતી/આરટીએસ/

સુધારા હુકમ/પાલડી/વશી-૧૬૨૦/૧૪, તારીખ-૧૧/૧૧/૨૦૧૪ ના રોજ કરેલ જે અંગેની એન્ટ્રી સરકારી રેકર્ડમાં ગામ નમુના નંબર-૬ માં તા-૧૨/૧૧/૨૦૧૪ ના રોજ એન્ટ્રી નંબર-૧૫૯૨૨ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તારીખ-૩/૧/૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

૭.. ત્યારબાદ મજકુર રંજનબેન જગદીશભાઈ પોતાની મીલકતો અંગે કાંઈપણ વિલ યાને વ્યવસ્થા કર્યા સિવાય તારીખ-૧૭/૧૧/૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલા આથી સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ વાળી મીલકત અંગે સરકારી રેકર્ડમાંથી તેઓનુ નામ કમી કરવામાં આવેલ અને તેઓના વારસદાર તરીકે (૧) જીતલ જગદિશભાઈ, (૨) પટેલ નિપાબેન જગદિશભાઈ, (૩) પટેલ જીતલ જગદિશભાઈ અને (૪) પટેલ બેલા જગદિશભાઈ એમ સર્વેના નામો દાખલ કરવામાં આવેલ જે અંગેની એન્ટ્રી સરકારી રેકર્ડમાં ગામ નમુના નંબર-૬ માં તારીખ-૧૬/૧૨/૨૦૧૫ ના રોજ એન્ટ્રી નંબર-૧૬૨૪૯ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તા-૧૮/૨/૨૦૧૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

૮.. ત્યારબાદ સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની જમીન તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકત (૧) જગદીશભાઈ હરમાનભાઈ, (૨) જીતલ જગદિશભાઈ, ની વતી તેમના મુખત્યાર-જગદીશભાઈ હરમાનભાઈ (૩) પટેલ નિપાબેન જગદિશભાઈ, (૪) પટેલ જીતલ જગદિશભાઈ, ની વતી તેમના મુખત્યાર-જગદીશભાઈ હરમાનભાઈ

અને (૫) પટેલ બેલા જગદિશભાઈ એમ સર્વેની પાસેથી અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીએ તારીખ-૧૧/૧૦/૨૦૧૭ ના રોજ વેચાણ રાખેલ અને તેનો વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદ-૪ પાલડી વિભાગના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૯૧૩૪ થી નોંધવામાં આવેલ અને સદર મીલકત સરકારી રેકર્ડમાં અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ, જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તા-૨૧/૧૧/૨૦૧૭ ના રોજ એન્ટ્રી નંબર-૧૬૭૫૬ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તારીખ-૨/૨/૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીએ સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની જમીનમાં આવેલ જુનુ બાંધકામ દુર કરાવેલ અને સદર જમીન ખુલ્લી કરાવેલ એ રીતેની સદર સદર ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની બીનખેતીની જમીન અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલ જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૧ માં આપેલ છે અને સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ મીલકત સરકારી રેકર્ડમાં અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ, જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તારીખ-૨૧/૧૧/૨૦૧૭ ના રોજ એન્ટ્રી નંબર-૧૬૭૫૬ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી તારીખ-૨/૨/૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

૯.. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં સીડી, પેસેજ, માર્જીન,

લીફટ સહીયારા સહમાલીકીના રાખીને સેલર તથા ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કીંગ રાખીને ફર્સ્ટ ફલોર, સેકન્ડ ફલોર, થર્ડ ફલોર, ફોર્થ ફલોર, ફીફથ ફલોર, સીકસ્થ ફલોર અને સેવન્થ ફલોરમાં કુલ ઓગણપચાસ ફલેટોની યોજના અમો બીજીતરફવાળાએ મુકેલ અને સદર યોજના અંગેના પ્લાન આર્કીટેક/એન્જીનીયર- અહેમદહુસેન છીપા તૈયાર કરેલ અને જે પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશને તારીખ-૨/૧૧/૨૦૧૮ ના રોજ કેસ નંબર-બીએલએનટીએસ/ડબલ્યુઝેડ/ ૨૫૧૦૧૮/સીજીડીસીઆરવી/એ૦૪૯૬/આર૦/એમ૧ અને રજાચિઠ્ઠી નંબર- ૦૦૪૨૫/૨૫૧૦૧૮/એ૦૪૯૬/આર૦/એમ૧ થી મંજુર કરેલા છે અને સદર યોજના "ચિંતામણી ફલોરા" ના નામથી ઓળખાય છે અને સદર યોજના અંગે જરૂરી બી.યુ.પરમીશન અમદાવાદ મ્યુ.કોર્પોરેશનમાંથી અમો બીજીતરફવાળાએ અમારી જવાબદારીથી મેળવી આપવાની રહેશે.

૧૦.. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ચોરસમીટર-..... નો હકક હીસ્સો (જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૨ માં આપેલ છે) તથા સદર "ચિંતામણી ફલોરા" ના નામથી ઓળખાતી યોજનામાં આવેલ રજાચિઠ્ઠી મુજબ પીલર ઉપરનો ...... ફલોરનો ફલેટ નંબર-...... નુ બાંધકામ (જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૩ માં આપેલ છે) તે તમામ મીલકત અમો બીજીતરફવાળાએ તમો એકતરફવાળાને એક બાનાખત તારીખ- / /૨૦૧૮ ના રોજ કરી આપેલ અને તે બાનાખત તે જ તારીખે અમદાવાદ-૪ (પાલડી વિભાગ) સબરજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નંબર- થી નોંધવામાં આવેલ તે બાનાખતની રૂઈએ સદર મીલકતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તમો એકતરફવાળાને કરી આપીએ છીએ.

૧૧.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ રજાચિઠ્ઠી મુજબ પીલર ઉપરનો ..... ફલોરનો ફલેટ નંબર-..... વાળી મીલકત તેની અંદરના બાંધકામ સહીતની, નળ ગટર સહીતની, ઈલેકટ્રીક ફીટીંગ્સ ચાલુ વપરાશ સાથેની, અસલ હદ હકકો મુજબની તથા સદર નીચે પરિશિષ્ટ-૨ માં જણાવેલ ક્ષેત્રફળ મુજબના જમીનમાં વગર વહેંચાયેલ હકક હીસ્સા સહીતની તથા આ દસ્તાવેજમાં જણાવેલ હકકો સહીત તથા જવાબદારીઓ તથા નીતીનીયમો પાળવાની શરતે સદર નીચે પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકત અમો બીજીતરફવાળાએ તમો એકતરફ વાળાને કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રૂા. અંકે રૂપિયા પુરા નીચેની વિગતે લઈને વેચાણ આપેલ છે.

૧૨.૧. કબજો લેવા માટેની કાર્યવાહી :-

બીજીતરફવાળા અમદાવાદ મ્યુ.કોર્પોરેશન પાસેથી મજકુર યોજનાનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવે અને એકતરફવાળાના લેખમાં જણાવ્યા મુજબની તમામ ચુકવણી બીજીતરફવાળાનાને કરી આપે ત્યારબાદ, બીજીતરફ વાળાનાએ એકતરફવાળાનાને મજકુર યુનીટનો કબજો, ૧૫ દિવસના સમયગાળામાં મેળવી લેવા માટેની લેખીત નોટીસ આપવાની રહેશે.

૧૨.૨.. એકતરફવાળાનાને કબજો સુપ્રત કર્યાના ૫ (પાંચ) વર્ષના સમયગાળા દરમ્યાન મજકુર યુનીટમાં અથવા બિલ્ડીંગમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી, એકતરફવાળાના, બીજીતરફવાળાના ધ્યાને લાવે અને તે ખામી એકતરફ

વાળાનાને લીધેલ ઉત્પન્ન થયેલ ન હોય, તો બીજીતરફવાળાનાએ શક્ય હોય ત્યાં સુધી આવી ખામી તેમના પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનું શક્ય ન હોય તો, એકતરફવાળાના આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ લેખમાં જણાવેલ શરતોને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે. પરંતુ આવી ખામીઓ માટે બીજીતરફ વાળાનાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા આવી ખામીઓ માટેનું કારણ બીજીતરફવાળાના નિયંત્રણ બહાર હોય, અથવા આવી ખામી એકતરફ વાળાનાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય, તો તેવી કોઈપણ માળખાગત ખામી કારીગરી, સેવાની જોગવાઈઓ અંગેની ગુણવત્તા, અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા એકતરફવાળાના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો, બીજીતરફ વાળાના એકતરફવાળાનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહીં કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની બીજીતરફવાળાનાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૩.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતના બાંધકામની આજુબાજુની દીવાલો જે તે મીલકતના માલીક, કબજેદાર સાથે સહીયારી સહમાલીકીની ગણાશે અને સદર દીવાલોના રીપેરીંગ, રીકન્સ્ટ્રકશન, મેઈનટેનન્સ વિગેરેમાં તમારે જે-તે ફલેટના માલીક, કબજેદાર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે.

૧૪.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતના સ્ટ્રકચરમાં તેમજ બહારની દિવાલોમાં તમો એકતરફવાળાએ કોઈ ફેરફાર કરવાના નથી તેમજ સદર આખા

બિલ્ડીંગનુ બહારનુ એલીવેશન બગડે તેવુ કોઈપણ કૃત્ય તમો એકતરફવાળાએ કરવાના નથી તેમજ સદર વેચાણ આપેલ મીલકતનો ઉપયોગ અન્ય પ્રીમાઈસીસના માલીક કબજેદારોને હરકત કે અંતરાયરૂપ કે ન્યુસન્સરૂપ થાય તે રીતે તમો એકતરફવાળાએ કરવાનો નથી તેમજ સદર મીલકતમાં તમો એકતરફવાળાએ કોઈ કાયદા વિરૂધ્ધની પ્રવૃત્તિ કરવાની નથી.

૧૫.. સદર "ચિંતામણી ફલોરા" માં આવેલ ફલેટો અંગે જે સીડી, પેસેજ, લીફટ મુકવામાં આવેલ છે તે સીડી, પેસેજ, લીફટનો એકતરફવાળાએ અન્ય ફલેટના માલીક કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર સીડી, પેસેજ, લીફટની સાફસુફી વિગેરે અંગેના ખર્ચમાં તેમજ તેના મેઈનટેનન્સ, રીપેર્સ, રીકન્સ્ટ્રકશન વિગેરે અંગેના ખર્ચમાં એકતરફ વાલાએ હરહંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે અને સદર સીડી, પેસેજમાં ભવિષ્યમાં તમારે કોઈ માલ સામાન મુકવાનો નથી કે કોઈ દબાણ કરવાનું નથી તેમજ સદર સીડી, પેસેજમાં ભવિષ્યમાં જે લાઈટો મુકવામાં આવે તેના તથા લીફટના ઈલેકટ્રીક બરનીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં પણ તમારે હર હંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે તેમજ સદર યોજનામાં આવેલ કોમન ફેસીલીટીઝ અને કોમન એમીનીટીઝનો તમારે સદર યોજનાના તમામ ફલેટોના માલીક, કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર યોજનામાં મુકવામાં આવેલ લીફટનો તમો એકતરફવાળા ઉપયોગ કરો કે ના કરો તો પણ સદર લીફટના મેઈનટેનન્સ, રીપેર્સ વિગેરે અંગેના ખર્ચમાં

તથા લીફટના ઈલેકટ્રીક બર્નીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં તમો એકતરફ વાળાએ હર હંમેશ સરખે હીસ્સે રકમ આપવાની રહેશે.

૧૬.. સદર "ચિંતામણી ફલોરા" માં તમામ ફલેટોના સભ્યો માટે પાણી અંગે જે અન્ડરગ્રાઉન્ડ વોટરટેન્ક બનાવવામાં આવશે તેનો તમારે ફકત તમામ ફલેટોના માલીક કબજેદાર સાથે સહીયારે ઉપયોગ કરવાનો છે અને પાણી અંગેની ઈલેકટ્રીક મોટરના બરનીંગ, રીપેરીંગ, મેઈનટેનન્સ વીગેરે અંગેના ખર્ચ તમામ ફલેટના માલીક કબજેદારોએ સરખે હીસ્સે ભોગવવાના રહેશે જયારે સદર "ચિંતામણી ફલોરા" માં પાણી અંગે જે બોર બનાવવામાં આવેલ છે તેનો તમામ ફલેટ હોલ્ડરોએ સહીયારે ઉપયોગ કરવાનો રહેશે અને પાણી અંગેની ઈલેકટ્રીક મોટરના બરનીંગમાં તથા રીપેરીંગમાં વીગેરેમાં તેમજ બોરના રીપેરીંગ, મેઈનટેનન્સ વીગેરે અંગેના ખર્ચ તમામ ફલેટ હોલ્ડરોએ સહીયારે ભોગવવાના રહેશે તેમજ સદર "ચિંતામણી ફલોરા" માં ઈલેકટ્રીક સબ-સ્ટેશન મુકવા અંગે ભવિષ્યમાં રજીસ્ટર્ડ દસ્તાવેજથી જે-તે કંપનીને ભાડાપટ્ટે આપવામાં આવે તો તેવો લેખ એકતરફવાળાએ કબુલ રાખવાનો રહેશે.

૧૭.. સદર "ચિંતામણી ફલોરા" માં સેલર તથા ગ્રાઉન્ડ ફલોરમાં રાખવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો તમો એકતરફવાળાએ સદર સ્કીમના તમામ ફલેટોના માલીક, કબજેદારો સાથે સહીયારે સમજુતીથી હર હંમેશ ખુલ્લા પાર્કિંગ તરીકે ઉપયોગ કરવાનો રહેશે તેમજ સદર "ચિંતામણી ફલોરા" માં રાખવામાં આવેલ માર્જીનની જમીનમાં થઈને તમોને હર હંમેશ વાહન વિગેરે સહીત જવા આવવાના

ચાલ નીકાલના હકકો રહેશે તેમજ સદર સહીયારી માર્જીનની જમીનમાંથી તમોને નળ ગટરના પાઈપો તથા ઈલેકટ્રીક ટેલીફોનના દોરડા કેબલ વીગેરે લેવાનો હકક રહેશે.

૧૮.. સદર "ચિંતામણી ફલોરા" માં આવેલ તમામ ફલેટોની ઉપરનુ એટલે કે ટોપ ફલોરની ઉપરનુ ટેરેસ તથા લીફટ/ફોયરની ઉપરનુ ટેરેસ તમામ ફલેટ હોલ્ડરોએ સહીયારે ઉપયોગ કરવાનુ રહેશે.

૧૯.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતનો તમો એકતરફવાળાએ હર હંમેશ ફકત રહેઠાણ માટે જ ઉપયોગ કરવાનો રહેશે એટલે કે સદર વેચાણ આપેલ ફલેટનો ગેસ્ટ હાઉસ તરીકે ઉપયોગ કરવાનો નથી તેમજ સ્ટુડન્ટસને પેઈન્ગ ગેસ્ટ તરીકે રહેવા માટે પણ આપી શકાશે નહીં અને સદર મીલકતનો વાણિજય, વેપાર કે વ્યવસાયઅર્થે ઉપયોગ કરી શકાશે નહીં એ શરત મુખ્ય છે અને રહેશે અને સદર ફલેટ નંબર-...... વાળી મીલકતનો ગેરકાનુની કે ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ભવિષ્યમાં વાપર ઉપયોગ કરી શકાશે નહીં કે તેવી વ્યક્તિને વાપરવા સોંપી શકાશે નહીં.

૨૦.. સદર "ચિંતામણી ફલોરા" માં આવેલ ફલેટ નંબર-...... વાળી મીલકત અંગે ભવિષ્યમાં કુદરતી આફતો તથા ધરતીકંપ તથા અન્ય નીયત કરેલ તમામ પરિબળો હેઠળ ઈન્સ્યોરન્સ લેવા અંગેની તમામ જવાબદારી તમો એકતરફવાળાની છે અને રહેશે અને આ અંગે પ્રિમીયમની જે કાંઈ રકમ ભરવાની આવે તે પણ

તમો એકતરફવાળાએ ભરવાની રહેશે અને આ તમામ અંગે અમો બીજીતરફ વાળાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૨૧.. સદર "ચિંતામણી ફલોરા" માં મુકેલ સીડી, પેસેજ, માર્જીન તથા અન્ય કોમન એમીનીટીઝના મેઈન્ટેનન્સ વિગેરે અંગે ભવિષ્યમાં સર્વિસ હાઉસીંગ સોસાયટીની રચના કરવામાં આવે ત્યારે તમો એકતરફવાળાએ તેના ફરજીયાત સભ્ય થવાનુ છે અને રહેશે અને મજકુર સોસાયટીના બાયલોઝ તથા નીતી નિયમોનુ તમો એકતરફવાળાએ હર હંમેશ પાલન કરવાનુ રહેશે અને સદર "ચિંતામણી ફલોરા" ની આખી સ્કીમ તથા સદર વેચાણ આપેલ મીલકતના મેઈનટેનન્સ અંગે ભવિષ્યમાં મજકુર સોસાયટી તરફથી મેન્ટેનન્સ વિગેરે અંગે જે કાંઈ રકમ ઉઘરાવવામાં આવે તે તમો એકતરફવાળાએ હર હંમેશ ફરજીયાતપણે ચુકવવાની રહેશે અને સદર મીલકતનો તમો એકતરફવાળા ઉપયોગ કરો કે ના કરો તો પણ મેઈન્ટેનન્સની રકમ તમો એકતરફવાળાએ હર હંમેશ આપવાની રહેશે અને તેમાં તમો એકતરફવાળા કાંઈપણ વાંધા તકરાર કરી શકશો નહીં અને જો તેવી મેન્ટેનન્સની રકમ ભવિષ્યમાં નિયમીતપણે ના ચુકવો તો તેવી બાકી રકમ વ્યાજ સહીત તમારી પાસેથી ભવિષ્યમાં વસુલ કરી શકાશે તેમજ ભવિષ્યમાં તમો એકતરફવાળા સદર ફલેટ કોઈપણ વ્યક્તિને વેચાણ કે ટ્રાન્સફર કરો ત્યારે મજકુર સોસાયટી તરફથી ટ્રાન્સફર ફીની જે કાંઈ રકમ નકકી કરવામાં આવેલી હોય તે રકમ તમો એકતરફવાળાએ ચુકવવાની રહેશે અને મજકુર સોસાયટીનુ લેખિત સંમતીપત્ર લેવાનુ રહેશે અને તેવી ટ્રાન્સફર ફીની રકમ ચુકવ્યા વગર થયેલ ટ્રાન્સફરને રદબાતલ ઠરાવી શકાશે તેમજ સદર "ચિંતામણી ફલોરા"

ની આખી સ્કીમમાં ભવિષ્યમાં જે-તે યુનિટ હોલ્ડરને જે હક્કો જે રીતે આપવામાં આવે તે રીતે ભોગવવાનો જે-તે યુનિટ હોલ્ડરને હક્ક રહેશે અને તેવા હક્કો બાબતે તેવી સર્વિસ સોસાયટીના તમામ સભાસદોની સર્વસંમતીથી ઠરાવ કરીને જ ફેરફાર કરી શકાશે અન્યથા તેવા ઠરાવની કોઈ માન્યતા રહેશે નહિં.

૨૨.. સદર "ચિંતામણી ફલોરા" માં જે લીફટ મુકવામાં આવેલ છે તે લીફટ વાપરવા અંગેનુ જરૂરી લાયસન્સ અમો બીજીતરફવાળાએ મેળવવાનુ રહેશે તેમજ અને તે અંગે મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ ભવિષ્યમાં રીન્યુ કરાવવાની જવાબદારી સદર યોજનાના તમામ સભ્યોની સહીયારી રહેશે આમ સદર લીફટ અંગેનો મેઈનટેનન્સ કોન્ટ્રાકટ ભવિષ્યમાં રીન્યુ કરાવવાની અમો બીજીતરફ વાળાની કોઈ જવાબદારી નથી.

૨૩.. સદર "ચિંતામણી ફલોરા" ની આખી જમીનમાં હાલમાં ટોરેન્ટ પાવર લિમિટેડ મારફતે અન્ડરગ્રાઉન્ડ ઈલેકટ્રીકના કેબલો જે રીતે નાંખવામાં આવેલા છે તે જ રીતે હર હંમેશ તમો એકતરફવાળાએ તથા અન્ય યુનિટ હોલ્ડરોએ રાખવાના રહેશે અને ભવિષ્યમાં તેવા કેબલોના રીપેરીંગ, મેઈન્ટેનન્સ, રીપ્લેશમેન્ટ વિગેરે અંગે સદર આખી જમીનના કોઈપણ ભાગમાં ટોરેન્ટ પાવર લિમિટેડ વતી તેના અધિકૃત વ્યક્તિઓ ડ્રીલીંગથી કે અન્ય રીતે જરૂરી તોડ-ફોડ કરી શકશે અને તે અંગેના તમામ ખર્ચ તમો એકતરફવાળાએ સદર "ચિંતામણી ફલોરા" ના અન્ય યુનિટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ભોગવવાના રહેશે અને ઉપરોકત તમામ બાબતે તમો એકતરફવાળાની મુક્ત સંમતી હોવાની ગણાશે

અને તે તમામ બાબતે ભવિષ્યમાં તમારે અમારી વિરૂદ્ધ કે સર્વિસ સોસાયટી વિરૂદ્ધ કોઈપણ પ્રકારના વાંધા તકરાર કરવાના નથી.

૨૪.. સદર વેચાણ આપેલ મીલકત અંગે નાંખવામાં આવેલ નળ ગટરના પાઈપો, ઈલેકટ્રીક ટેલીફોનના કેબલો વીગેરે ભવિષ્યમાં રીપેરીંગ કરાવતી વખતે તેવા પાઈપો તથા કેબલોને કાંઈપણ નુકશાન થાય તો તમો એકતરફવાળાએ તમારા ખર્ચે હાલમાં જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં જોડાણ કરી આપવાના રહેશે.

૨૫.. સદર "ચિંતામણી ફલોરા" માં આવેલ ફલેટ નંબર-...... વાળી મીલકત અંગે નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં આ વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ તમોને વગર વહેંચાયેલ હકક હીસ્સો રહેશે અને સદર આખી મીલકતની જમીન વહેંચી ના શકાય તે રીતેની હોવાની ગણાશે અને સદર આખી મીલકત "ચિંતામણી ફલોરા" ના નામથી ઓળખાશે અને તે નામમાં તમો ફેરફાર કરી શકશો નહીં અને ભવિષ્યમાં સદર મીલકત તમો કોઈપણ વ્યક્તિને વેચાણ ટ્રાન્સફર કરો તો તેવા વેચાણ લેનારે પણ ઉપરોકત તમામ શરતોનુ પાલન કરવાનુ રહેશે અને એ રીતે ઉપરોકત હકકો તથા જવાબદારીઓ સહીત સદર મીલકત અમોએ તમોને વેચાણ આપેલ છે અને ઉપરોકત હકકોની કિંમતનો સમાવેશ ઉપરોકત વેચાણ કિંમતમાં થઈ ગયેલ છે.

૨૬.. આજરોજથી સદર વેચાણ આપેલ મીલકતના તમો લખાવી લેનાર કુલ સ્વતંત્ર માલીક થયા છો.

૨૭.. હવેથી સદર વેચાણ આપેલ મીલકતના ઉપર અમારો કે અમારા વંશ વાલી વારસોનો કે અમારા કરજદાર હીસ્સેદાર વીગેરે કોઈનો કોઈપણ પ્રકારનો દર દાવો અલાખો લાગભાગ કે હકક હીસ્સો વીગેરે રહ્યો નથી અને કોઈ કરતા આવે તો તે આથી રદ છે.

૨૮.. સદર વેચાણ આપેલ મીલકત ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો તમારા વંશ વાલી વારસો સુખેથી વાપરો ભોગવવો વેચો સાટો અગર તમો તમારૂ દિલ ચાહે તેમ ઉપયોગ કરો.

૨૯.. સદર વેચાણ આપેલ મીલકત અંગે હવે પછીથી જે કાંઈ ટેક્ષો તથા ઈલેકટ્રીક બીલની રકમ ભરવાની આવે તે તમામ તમો એકતરફવાળાએ ભરવાની છે.

૩૦.. સદર વેચાણ આપેલ મીલકત મ્યુ.રેકર્ડ, સરકારી રેકર્ડ તથા ઈલેકટ્રીસિટી કું. રેકર્ડમાં તમો તમારા નામે ટ્રાન્સફર કરાવી લેશો અને તે અંગે જયાં જયાં અમારી સહીઓ જવાબોની જરૂર પડશે ત્યાં ત્યાં અમો આપીશું.

૩૧.. આ દસ્તાવેજનુ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફી તથા અન્ય લીગલ ખર્ચ તમો એકતરફવાળાએ ભોગવેલ છે.

૩૨.. આ વેચાણની કિંમતના અવેજના રૂપિયા પહોચ્યાની વિગત.....

રૂા.   અંકે રૂપિયા   પુરાનો ચેક નંબર-

નો તારીખ-   /   /૨૦૧૮ નો

શાખાનો અમો બીજીતરફવાળાએ

તમો એકતરફવાળા પાસેથી લીધો છે તે.

આ ખતના અવેજના રૂા.   અંકે રૂપિયા

પુરા અમો બીજીતરફવાળાને ઉપરની વિગતે પહોંચ્યા છે.

૩૩.. સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમો એકતરફ વાળાએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને તે અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક અમો બીજીતરફવાળા મારફતે આપવામાં આવેલ અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે તેમજ સદર વેચાણ આપેલ મીલકતનુ બાંધકામ, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ, સેનેટરી ફીટીંગ્સ, ઈલેકટ્રીક વાયરીંગ, નળ ગટરના જોડાણો તથા અન્ય વસ્તુઓની તમોએ તમારા એન્જીનીયર મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને આ અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક આપવામાં આવેલ આથી તે અંગે તમોને સંતોષ છે અને ત્યારબાદ જ સદર મીલકત તમોએ વેચાણ રાખેલ છે તેમજ સદર યોજના અંગે બાંધકામ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે અને ત્યારબાદ જ સદર વેચાણ આપેલ મીલકતનો તમોએ કબજો સંભાળી લીધેલ છે અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે.

૩૪.. સદર "ચિંતામણી ફલોરા" ના નામથી ઓળખાતી યોજનાની રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની કલમ-૫ ની જોગવાઈ મુજબ તારીખ- ના રોજ No......

થી નોંધણી કરાવેલ છે.

૩૫.. આ લેખની કોઈપણ શરત બાબતે આપણ બંનેતરફવાળા વચ્ચે મતભેદ ઉપસ્થિત થાય તો આપણ બંનેતરફવાળાએ અરસ-પરસની સમજુતીથી તેનો નીકાલ લાવવાનો રહેશે અને તેમ છતા જો આપણ બંનેતરફવાળા વચ્ચે અરસ-પરસ સમજુતીથી તેનો નીકાલ ના આવે તો તેવા સંજોગોમાં રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ અન્વયેના અધિકારી મારફતે તેનો નીકાલ લાવવાનો રહેશે.

૩૬.. આ લેખની કોઇપણ જોગવાઇ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિન અમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો આવી જોગવાઇઓ આ લેખના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ્ થયેલી ગણાશે આ લેખની બાકીની જોગવાઇઓ આ લેખના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

૩૭.. સદરહુ ‘‘ચિંતામણી ફલોરા’’ ની તમામ કોમન મીલકત, કોમન સગવડો તથા કોમન એમીનીટીઝનો તમો એકતરફવાળાએ સદરહુ સ્કીમના અન્ય ફલેટ હોલ્ડર સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને તેવી કોમન મીલકતોમાં કોઈપણ પ્રકારના સ્વતંત્ર હક્ક માંગવા કે મેળવવા વેચાણ રાખનાર હક્કદાર રહેશે નહિં અને સદરહુ જમીન ઉપર બાંધેલ ‘‘ચિંતામણી ફલોરા’’ સ્કીમમાં જે-જે વ્યક્તિઓ ફલેટ ખરીદે તેઓએ અન્ય ફલેટ ધારકો સાથે સહકારથી રહેવાનુ છે અને અન્યને કોઈ તકલીફ પડે તેવા કોઈ કૃત્યો કરવાના નથી.

૩૮.. સદર વેચાણ આપેલ મીલકતના ઉપર આજ પહેલાનો કોઈનો કોઈપણ પ્રકારનો લેણા વિગેરેનો બોજો યા લાગભાગ કે હકક હીસ્સો નથી તેવો તમામ બાબતનો અમોએ તમોને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ આપણ બંનેતરફવાળાએ આપણી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી કરેલ છે તે આપણ બંનેતરફવાળાને તથા આપણા વંશ વાલી વારસોને કબુલ મંજુર સહી છે.

<u>પરિશિષ્ટ-૧</u>

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમના ટી.પી. સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની મીલકત આવેલ છે તેના ખુંટચારની વિગત.....

પૂર્વે : ૧૨.૧૯ મીટરનો ટી.પી. રોડ.

પશ્ચિમે : ૯.૦૦ મીટરનો ટી.પી. રોડ.

ઉત્તરે : ચાર બંગલા.

દક્ષિણે : ૯ મીટરનો ટી.પી. રોડ. અને સુવાસ ફ્લેટ.

પરિશિષ્ટ-૨

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમના ટી.પી. સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની બીનખેતીની જમીન પૈકી વગર વહેંચાયેલ ચોરસમીટર-...... ના હકક હીસ્સાની જમીન.

પરિશિષ્ટ-૩

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમના ટી.પી. સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩૪ પૈકી ખાતા નંબર-૧૪૩૨ ની ચોરસમીટર-૧૩૯૧ ની જમીનમાં "ચિંતામણી ફલોરા" ના નામની યોજના અમો બીજીતરફવાળાએ મુકેલ છે અને સદર "ચિંતામણી ફલોરા" માં આવેલ રજાચિઠ્ઠી મુજબ પીલર ઉપરનો ...... ફલોરનો ફલેટ નંબર-....., ચોરસમીટર-..... બિલ્ટઅપ એરીયા (ચોરસમીટર- ...... ફલેટનો રેરા કાર્પેટ એરીયા, ચોરસમીટર-...... બાલ્કની અને ચોરસમીટર-...... વોશ એરીયા) ના બાંધકામવાળી મીલકત આથી વેચાણ આપેલ છે.

સદર ફલેટના ખુંટચારની વિગત.....

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતે ખુંટચાર વચલી ફલેટ નંબર-.... વાળી મીલકત અસલ હદ હકકો મુજબની તમામ.

આજરોજ તારીખ- માહે- સને-૨૦૧૯ ના દિને.

અત્રે---------------------------મતુ અત્રે----------------------શાખ.

<u>લખી આપનારની સહી.</u> ----------------------------

અરિહંત રીઅલ્ટી, એ નામની ભાગીદારી
પેઢીની વતી અને તરફથી તેના ----------------------------
વહીવટકર્તા ભાગીદારો-

૧.

૨.

<u>લખાવી લેનારની સહી.</u>